ક્રિમીનલ કેસ નંબરઃ ૭૧૬ / ૦૭

(૧) આ કામે આરોપી અદાલતમાં હાજર થતા તેમને પોલીસ તપાસના ચાર્જશીટની નકલો ક્રી. પો. કોડની કલમ : ૨૦૭ અન્વયે વિના મૂલ્યે આપવામાં આવે છે. ત્યારબાદ આરોપીએ ગુના કબુલાત પુરશીશ રજુ કરેલ છે. અને ત્યારબાદ આરોપીની ચાર્જશીટમાં જણાવેલા ગુના માટે પ્લી/ નીવેદન લેતા તેમાં પણ આરોપીઓએ ગુનો કબૂલ હોવાનું જણાવેલ છે.
(૨) સજા બાબતે આરોપીને સાંભળતા, આરોપીઓએ જણાવેલ છે કે આ તેમનો પ્રથમ ગુનો છે અને તેઓ ગરીબ માણસ છે અને તેઓને દર મુદતે કોર્ટ સમક્ષ હાજર રહે તો ખુબ જ આર્થીક નુકશાન થાય તેમ છે તથા ભવિષ્યમાં આ પ્રકારનો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. જેથી તેમને યોગ્ય ઓછામાં ઓછો દંડ કરવા જણાવે છે. એ.પી.પી.શ્રી એ આરોપીઓને કાયદા મુજબ થઈ શકતી યોગ્ય સજા કરવા જણાવેલ છે.
(૩) આ કેસની તમામ હકીકત તથા સંજોગોને તથા આરોપી વિરૂધ્ધના ગુના અંગે થઈ શકતી સજાની જોગવાઈને ધ્યાને લેતા ન્યાયના હીતમાં નીચે મુજબ હુકમ કરુ છું.

## <u>:હુકમ:</u>

(૧) ધી મુંબઈ પશું સંરક્ષણ અધિનીયમ (બોમ્બે એનીમલ પ્રીઝર્વેશન એકટ) ૧૯૫૪ ની કલમ ૩,૫, ૬, ૮ ના ભંગ બદલ દરેક આરોપીએ રૂા <u>૮૦૦</u> દંડ ફરમાવું છું દંડની રકમ ભરવાના કસુર થયેથી દિન – ૨૦ ની સાદી કેદની સજા ભોગવવી.
( ૨ ) પશુઓ પ્રત્યે ઘાતકી વર્તન અટકાવવાનો કાયદો ૧૯૬૦ ની કલમ ૧૧ એલ ના ભંગ બદલ દરેક આરોપીએ ૧૦૦ નો દંડની સજાનો હુકમ કરવામાં આવે છે અને દડં ભરવામાં કસુર થયેથી દિન ૧૦ ની સખત કેદની સજા ફરમાવુ છુ
(૩) બી.પી.એમ.સી એકટની કલમ ૩૩૫,૩૭૬ ના ગુના માટે દરેક આરોપીએ રૂા ૧૫<u>૦</u> દંડ, દંડ ના ભરે તો દિન– ૦૨ ની સાદી કેદની સજા ભોગવવી.
( ૪ ) એમવી એકટની કલમ ૧૯૨ ના ગુના માટે દરેક આરોપીએ રૂપિયા ૨૦૦૦ નો દંડ ફરમાવુ છુ

આરોપીઓએ તેમની સામેના ગુના માટે કસુરવાર ઠરાવી એકત્રિત પણે તમામ ગુના માટે રૂપિયા ૬૧૦૦_પુરા દંડ ભરવા હુકમ કરુ છું જો દંડ ના ભરે તો આરોપીને **<u>૨૦</u>** દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

મુદામાલ અંગે અગાઉ થયેલ હુકમ કાયમ રાખવામાં આવે છે.

હુકમ આજ રોજ ખુલ્લી અદાલતમાં વાંચી– સંભળાવી જાહેર કર્યો છે.

તા. ૧૩ / ૭ /૨૦૧૯
*અમદાવાદ*

( સી. જે. પટેલ )
એડી.ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ,
કોર્ટ નં.૧૨, અમદાવાદ.
**જી.જે. ૦૧૦૫૬**